**VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI**
(Academic Session: 2025-26)

Date: ________ Class: 4 Div: B Roll No: ______ Sub:2LGujarati
Name: ______________________________________ Worksheet: Essay

# ગાંધીજી

મહાત્મા ગાંધીનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમનો જન્મ બીજી ઑક્ટોબર,૧૮૬૯ના રોજ પોરબંદરમાં થયો હતો.

ગાંધીજીએ પોરબંદર અને રાજકોટમાં અભ્યાસ કર્યોપછી વિલાયત જઇ વકીલાતનું ભણ્યા અને બૅરિસ્ટર થયા.તે વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકામાં ગયા. ત્યાં તેમણે હિંદીઓને થતા અન્યાય દૂર કરાવવા માટે સત્યાગ્રહ કર્યો.આફ્રિકાથી ભારત આવી તેમણે ભારતને આઝાદ કરવા લડત ચલાવી. અંગ્રેજોએ તેમને ઘણી વાર જેલમાં પૂર્યા તેઓ સત્ય અને અહિંસાના માર્ગે આંદોલન કરતા રહ્યા. છેવટે ભારત દેશ આઝાદ થયો.

ગાંધીજીનું જીવન સાદું હતું. તે એક ટૂંકી પોતડી પહેરતા હતા. તે દરરોજ સવાર-સાંજ પ્રાર્થના કરતા. તેમની પ્રાર્થનાસભામાં ઘણા લોકો હાજરી આપતા. તે દરરોજ રેંટિયો કાંતતા અને ખાદી પહેરતા. તેમને બાળકો ઘણાં વહાલાં હતાં.

૩૦મી જાન્યુઆરી ઈ. સ. ૧૯૪૮ના રોજ નથ્થુરામ ગોડસેએ ગાંધીજી પર ગોળીબાર કર્યો. આથી તેમનું અવસાન થયું. દિલ્લીમાં જ્યાં તેમની સમાધિ આવેલી છે તે સ્થળ 'રાજઘાટ' તરીકે ઓળખાય છે.

આખો દેશ ગાંધીજીને 'રાષ્ટ્રપિતા'ના નામથી ઓળખે છે

# સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમનો જન્મ કોલકાતામાં ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી હતું. નરેન્દ્રનાથ ભણવામાં તેજસ્વી હતા. તેમની યાદશક્તિ અદ્ભુત હતી. તેઓ એક વાર પુસ્તક વાંચતા અને તેમને બધું યાદ રહી જતું. તેઓ નીડર હતાપોતે અનુભવ ન કરે ત્યાં સુધી તે કોઈ વાતને સાચી માનતા નહિ.

નરેન્દ્રનાથને એક જ ધૂન હતી : 'મારે ઈશ્વરને જોવા છે.' તેઓ ગુરુની શોધમાં ઘણી વ્યક્તિઓને મળ્યાપણ તેમને કોઈનાથી સંતોષ થયો નહિ. તે રામકૃષ્ણ પરમહંસને મળ્યા. તેમનામાં તેમને સાચા ગુરુનાં દર્શન થયાં. તે સંન્યાસી બની ગયા. સ્વામી રામકૃષ્ણ પરમહંસે તેમને 'વિવેકાનંદનામ આપ્યું

ત્રીસ વર્ષની ઉંમરે સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી વિશ્વધર્મપરિષદમાં હાજરી આપીતેમણે પોતાનાં ભાષણોથી દુનિયામાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડ્યોસ્વામી વિવેકાનંદે 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. આ સંસ્થા શિક્ષણ અને સેવાનાં કામો કરે છે

સ્વામી વિવેકાનંદે યુવાનોને સૂત્ર આપ્યું 'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.તેમનું ઓગણચાલીસ વર્ષની નાની ઉંમરે અવસાન